વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત રૂ.૭૨.૦૦/- લાખ
આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ અનુસુચિત જનજાતિની ૪ (ચાર) આશ્રમશાળાઓમાં ધોરણ-૯નો વર્ગ શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: અમશ/૨૦૧૮/ન.બા-૧૬/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૦૪/૨૦૧૮.

**વંચાણે લીધા :-**

(૧) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૦/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક નં. આવિ/ આશા/ ફા.નં.૨૧૨૪/૨૦૧૮/૭૮.

**પ્રસ્તાવના :-**

T.A.S.P હેઠળ અનુસૂચિત જનજાતિની ૪ (ચાર) આશ્રમશાળાઓમાં ધોરણ-૯ અને ૧૦નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવા અંગેની મંજુરી આપવાની નવી બાબતની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક (૧) થી રજુ કરવામાં આવેલ. જે અન્વયે પ્રથમ વર્ષે ધોરણ-૯નો વર્ગ શરૂ કરવા અંગે સદરહું ચાર આશ્રમશાળાઓ માટે મદદનીશ શિક્ષક, વર્ગ-૩ની કુલ ૮ (આઠ) નવી જગ્યાઓ ઉભી કરવા તથા તેના પગાર-ભથ્થા અને રીકરીંગ ગ્રાન્ટની કુલ **રૂ.૭૨.૦૦/- લાખની** નવી બાબતની દરખાસ્તને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ સંચાલિત નીચેના પત્રકમાં દર્શાવ્યાં મુજબની ૪ (ચાર) આશ્રમશાળાઓમાં પ્રથમ વર્ષે ધોરણ-૯નો વર્ગ શરૂ કરવા માટે આશ્રમશાળા દીઠ ૨ (બે) એમ કુલ ૮ (આઠ) મદદનીશ શિક્ષક (પગાર ધોરણ રૂ.૯૩૦૦-રૂ.૩૪,૮૦૦/- ગ્રેડ પે રૂ.૪૨૦૦/-, ફિક્સ પગાર

રૂ.૨૫,૦૦૦/-ની નવી જગ્યાઓ ઉભી કરવા અંગેના મહેકમ ખર્ચ તથા નિભાવ ખર્ચ મળીને કુલ રૂ.૭૨.૦૦/- **લાખની** નવી બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે :

**T.A.S.P હેઠળની ચાર આશ્રમશાળાઓની માહિતી**

| ક્રમ | સંચાલક/ સંસ્થાનું નામ | આશ્રમશાળાનું નામ |
|---|---|---|
| (૧) | ભારતી જન સેવા સંસ્થાન સાવલીવાડ, ગોધરા, જ.પંચમહાલ | નાના નટવા, તા.સંતરામપુર, જી.મહીસાગર. |
| (૨) | સાબર સેવા સંઘ, પાલ્લા, તા.ભિલોડા, જિ.અરવલ્લી | ભિલોડા, તા.ભિલોડા, જી.અરવલ્લી |
| (3) | શ્રી સ્વામી નારાયણ વિદ્યાધામ સલવાવ, મુ.મોટા પોંઢા, તા.કપરાડા | મોટા પોંઢા, પારડી, વલસાડ |
| (૪) | આદિવાસી યુવક સેવા સંઘ, ચિત્રોડીયા, તા.ઝાલોદ | ચિત્રોડીયા, ઝાલોદ, દાહોદ |

શરતો :-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધિન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) **ધોરણ ૧૦ માટે આગામી વર્ષ (૨૦૧૯-૨૦)માં અંદાજપત્રમાં નવી સેવાની દરખાસ્ત કરવાની રહેશે.**

(૭) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર-ધોરણો ROP-2006/ROP-2016/PAY-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષાના નિયમો અને ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૫) મહેકમ ભરવા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૧૬) વર્ગદીઠ છાત્રોની સંખ્યા ૪૦ની રહેશે. શાળાદીઠ ૨ (બે) મદદનીશ શિક્ષક ફાળવવામાં આવે છે.

(૧૭) શિક્ષણ વિભાગની નીતિ પ્રમાણે માધ્યમિક શાળાની માધ્યમિક શિક્ષણ બોર્ડની મંજુરી મેળવી પ્રથમ વર્ષ ધોરણ-૯નો વર્ગ શરૂ કરવાનો રહેશે.

(૧૮) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના **ઠરાવથી** અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારોની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૯) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ સંસ્થઆવરી લેવાનાં રહેશે.

(૨૦) સંસ્થા પાસે વિદ્યાર્થીઓના નોર્મ્સ મુજબ પુરતું ક્ષેત્રફળ ધરાવતું મકાન, પીવાના પાણીની સુવિધા, ટોયલેટ બાથરૂમની સંપૂર્ણ સુવિધા ઉપલબ્ધ હોવી જોઇએ.

(૨૧) આશ્રમશાળાના બાળકોને પોષણયુક્ત ઉત્તમ કક્ષાનું ભોજન આપવાનું રહેશે.

(૨૨) આશ્રમશાળાના બાળકો માટે કિચન ગાર્ડન, ફોર્ટીફાઇડ આટા, દૂધ, લીલા શાકભાજી તથા ગુણવત્તાયુક્ત પોષણક્ષમ ભોજન આપવાનું રહેશે.

(૨૩) સંસ્થા આશ્રમશાળાના સંચાલન અને વહીવટ માટે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી જે સૂચનાઓ આપવામાં આવતી હોય તેનો ચુસ્તપણે પાલન કરતી હોવી જોઇએ.

(૨૪) **સંસ્થા દ્વારા કન્યાઓની સુવિધા અને સુરક્ષા માટે પુરતી વ્યવસ્થા કરેલી હોવી જોઇએ.**

(૨૫) સંસ્થા આશ્રમશાળાના સંચાલન માટે આર્થિક રીતે સધ્ધર હોવી જોઇએ.

**આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૬ આયોજન, મુખ્ય** સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત

આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદરઃ (૧૦) વીકેવાય-૧૧ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ (બાંધકામ), બાબત નઃ (૧૨) રાજ્યની અનુસુચિત જનજાતિ વિસ્તારની ૪ (ચાર) આશ્રમશાળાઓમાં ક્રમિક ધોરણ ૯નો વર્ગ શરૂ કરવા બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૪/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિદ્યુત પંડ્યા )
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેકટ ફાઇલ.

D:\gh-3-\G.R-2018-19\AMS-2018-N.B-16-GH-GR.docx